	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૪/૦૪/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૭૨૩/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫	૪,૪૨,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- **સમાચાર યાદી નં.૭૨૪/૨૦૨૨**

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨૯/૨૦૦૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ મુજબના સેશન્સ કેસ નં.૭૯/૨૦૧૫ મુજબના ગુનાના કામે આરોપી મહેન્દ્રકુમાર સ/ઓ કિશનભાઈ ધનાજી પ્રજાપતિ (રહે.મ.નં.૨૬૬ ગોકુલનગર આદીનાથનગર ઓઢવ અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રીમતિ પી.ટી.રામ સાહેબ, અધિક્સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૨૫, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૬/૦૫/૨૦૨૨ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૨૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૪૫૫ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૭૨૭/૨૦૨૨**

વાડજઃ ધવલ સ/ઓ મહેન્દ્ર ટાંક (ઉ.વ.૩૧) (રહે. શરણ સફાયર, કોટેશ્વર રોડ, મોટેરા ચાંદખેડા) એ તા.૨૩/૦૪/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૮૪૪૭૮૩૩૦૭૪ ના ધારકે ધવલ ટાંકના ફોન નંબર ઉપર ફોન કરી બીચ વેસ્ટીન ઈન્ટર નેશનલ ક્લબ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી અને તા.૦૬/૦૩/૨૦૨૨ ના રોજ ઉસ્માનપુરા હોટેલ ફોરચ્યુન લેન્ડ માર્ક ખાતે સેમીનાર રાખેલ છે તેમ જણાવતા ધવલ ટાંક તેમજ તેમના ભાઈ ફેમીલી સાથે ગયા હતા ત્યારે આરોપી (૧) દીપકકુમાર રાય મોબાઈલ નંબર ૯૩૧૦૪૮૪૯૧૬ (૨) નવીનસીંગ રાઠોડ મોબાઈલ નંબર ૭૬૭૮૩૫૫૬૭૦ (૩) સોનુ મિશ્રા મોબાઈલ નંબર ૮૮૫૧૭૭૭૮૭૯ અને (૪) શિવમ નિગમ મોબાઈલ નંબર ૯૯૧૦૪૬૬૧૦૫ નાઓએ ભેગા મળી એશિયા લેવલ ટુરની લોભામણી સ્કીમ જણાવી વિશ્વાસ અને ભરોષો આપી મેમ્બરશીપ થવા માટે ધવલ ટાંક અને તેમના ભાઈ પાસેથી કુલ રૂપિયા ૨,૭૦,૦૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ તા.૧૦/૩/૨૦૨૨ ના રોજ સંપર્ક કરતા સંતોષ કારક જવાબ નહી મળતા અન્ય માણસો સાથે પણ વિશ્વાસઘાત અને છેતરપીંડી થયાનુ જાણવા મળ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

ઇસનપુરઃ વિપુલકુમાર દશરથભાઇ દરજી (ઉ.વ.૩૫) (રહે. ચામુંડા નિવાસ ગોવર્ધનપાર્ક સોસાયટી નુતન નાગરીક સહકારી બેંક સામે ઇસનપુર) એ તા.૨૩/૦૪/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ વિપુલકુમાર દરજીએ AMAZON PAY નામની એપ્લીકેશનમાંથી ઓનલાઇન પૈસા ટ્રાન્સફર કરેલ હોય જે ટ્રાન્સફર પેન્ડીગ હોય જે બાબતે ગુગલ ઉપર સર્ચ કરી કસ્ટમર હેલ્પ લાઇન નંબર મેળવી પૈસા ટ્રાન્સફર બાબતે વાતચીત કરતા તેઓએ ANY DESK નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી બેન્કની માહીતી મેળવી લઈ વિપુલકુમાર દરજીના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૭૩,૮૭૮/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૭૨૮/૨૦૨૨**

દરીયાપુરઃ ભરતભાઇ હિરાલાલ શાહ (રહે. નવરત્ન સોસાયટી શાંતિનગર જુના વાડજ) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૨૩/૦૪/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દરિયાપુર કીકાભટ્ટની પોળ પાસે શ્રીરામ મેટલ શોપ નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી કોમ્પ્રેસર તોડી તેમાંથી નીકળતા એલ્યુમીનીયની રોટર રીંગો તથા ચોક વાયરનો ભંગાર સામાન ૩૧૪ કિલોગ્રામ કિમત રૂપિયા ૬૧,૫૦૭/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ **સમાચાર યાદી નં.૭૨૯/૨૦૨૨**

વાડજઃ ચિંતનભાઇ નરેન્દ્રભાઇ સોની (રહે. માધવબાગ સોસાયટી નિર્ણયનગર નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવાવાડજ શિવમ એપાર્ટમેન્ટ બ્લોક નંબર જી-૨૭/૩૧૪ ખાતે કારખાનામાં સોનાના દાગીના ઝડતરનુ કામ કરતો આરોપી વિશાલ બાબુલાલ સોની (મુળ વતન.ગામ સદાસર તા.નોખા જી.બીકાનેર રાજસ્થાન) તા.૨૨/૦૪/૨૦૨૨ કલાક ૩/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન કારખાનામાંથી ૬૬૫.૧૩૦ ગ્રામ સોનાના દાગીના કિમત રૂપિયા ૩૫,૯૧,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

બેગ ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૭૩૦/૨૦૨૨**

નવરંગપુરાઃ પ્રવિણભાઇ માધવલાલ પટેલ (ઉ.વ.૪૬) (રહે. શિક્ષાપ્રત્રી પ્લેટીના એપાર્ટમેન્ટ પ્રેરણા બંગ્લોઝ સામે રસપાન ચોકડી પાસે નિકોલ) તા.૨૨/૦૪/૨૦૨૨ બપોરના ૪/૫૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તાથી નવરંગપુરા ચાર રસ્તાની વચ્ચે આવેલ હરીઓમ રેસ્ટોરન્ટ નજીક થી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ પ્રવિણભાઈની ગાડી નજીક આવી “તમે અમારી એકટીવા સાથે તમારી કાર અથડાવેલ છે” તેમ કહી વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કારમાંથી બેગ ઝુટવી લઈ, સ્કુટર ઉપર આવેલ તેમજ મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષો નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૨૬,૭૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ પ્રવિણભાઈ પટેલે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

ખાડીયા: હિરેનકુમાર જગદિશચંદ્ર ગોરાવાલા (ઉ.વ.૪૧) (રહે. ખોડીયારનગર સોસાયટી ખોડીયાર માતાના મંદીર પાસે સાણંદ) એ તા.૨૩/૦૪/૨૦૨૨ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિરેનકુમાર ગોરાવાલા સોનીનો ધંધો કરતા હોઈ તા.૩૦/૦૩/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક એમ.કે.જવેલર્સની નામની દુકાનની આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પુરૂષ હિરેનકુમાર ગોરાવાલાના હાથમાંથી બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં ૨ નંગ બુલીયન બાર સોનુ કુલ ૧૧૭.૯૯૦ ગ્રામ કિમત રૂપિયા ૫,૯૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.દેસાઇ ચલાવે છે.

<u>દાઝી જતા મૃત્યુ:-</u> **<u>સમાચાર યાદી નં.૭૩૧/૨૦૨૨</u>**

ખોખરા: હરીશશંકર ગૌતમભાઈ મીણા (ઉ.વ.૩૨) (રહે. રઉફશેઠની ચાલી અંકુર સ્કુલ પાસે સત્તાધાર સોસાયટીની બાજુમાં શિવ-હનુમાન મંદિર પાછળ અમરાઈવાડી) તા.૨૨/૦૪/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ માનશી હોન્ડા શો-રૂમ પાછળ કચરાના ઢગલા નજીક લઘુશંકા કરવા ગયા હતા ત્યારે ઢગલામાં આગનો ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૪/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૭૩૨/૨૦૨૨</u>**

કાગડાપીઠ: પીયુષ મોહનભાઈ મારૂ (ઉ.વ.૨૮) (રહે.વીસ ઓરડીની ચાલી, છીપા કબ્રસ્તાન સામે મજુર ગામ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.પંકજભાઈ ચલાવે છે.

શાહીબાગ: સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ દિનેશભાઇ લક્ષ્મણભાઇ ચૌહાણ (ઉ.વ.૫૫) (રહે.ગામ-હરણીવાસ, વચલોવાસ, તાલુકો-દસ્કોઇ જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૨ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે કાર્ડીયો-૯ જનરલ વોર્ડના છઠ્ઠા માળની બારીમાંથી પડતુ મુકતા ગંભીર ઇજાઓ થતા આઇ.સી.યુ.વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન કલાક ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

ખોખરાઃ (૧) જયદિપભાઇ પ્રફુલભાઇ બારોટ (ઉ.વ.૨૨) (રહે. રૂષિકેશનગર ધીરજ હાઉસીંગ બોર્ડ સેવન્ડે સ્કુલ પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

ખોખરાઃ (૨) ખોખરા બરોડા એક્ષપ્રેસ હાઇવે સામે આવેલ હોટલ પ્રીન્સ રૂમ નંબર-૧૦૩ ખાતે રોકાયેલ હરીરામ વકતાજી (ઉ.વ.૪૨) (રહે.અશોત્રા બાડમેર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા હોટલ પ્રીન્સ રૂમ નંબર-૧૦૩ માં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.